# સંત પ્રાગટ્યોત્સવ

૬ નવેમ્બર, અક્ષરચૌદશની શુભ સવારે 'વર્ણીકુંજ'માં અનુપમ મિશનના સદ્‌ગુરુ સંતો અક્ષરનિવાસી પૂ. ડૉ. સનંદભાઈ, પૂ. પૂનમભાઈ, પૂ. હર્ષદભાઈના અનુક્રમે ૮૧મા, ૭૮મા અને ૭૫મા પ્રાગટ્યોત્સવ સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિમાં ઉજવાયા. આ પ્રસંગે સદ્‌ગુરુ સંતોનાં પૂજન કરી પ્રાગટ્યદિનની વંદનાઓ અર્પણ કરાઈ.

પૂ. ગોવિંદભાઈએ અ.નિ. પૂ. સનંદભાઈના જીવનમાહાત્મ્યની ઝાંખી કરાવી. ડૉ. પૂર્વીબહેને પૂ. પૂનમભાઈના મહિમાનું વર્ણન કરી હૃદયસ્પર્શી પ્રસંગો વર્ણવ્યા. અને પૂ. પંકજભાઈએ લાક્ષણિક શૈલીમાં પૂ. હર્ષદભાઈના દાસત્વસભર જીવનમાહાત્મ્યનું દર્શન કરાવ્યું. ડૉ. મનોજભાઈ સોનીએ આ સંત ત્રિપુટીની ગુણાતીત આધ્યાત્મિક અવસ્થાનાં સુંદર દર્શન કરાવી સૌને માહાત્મ્યમાં ગુલતાન કર્યા. સદ્‌ગુરુ સંતો વતીથી પૂ. હર્ષદદાદાએ પ્રાર્થનાઓ ધરી.

ગુરુદેવ યોગીજી મહારાજે અર્પણ કરેલી અદ્‌ભુત ભેટ સમાન આ સદ્‌ગુરુ સંતોના અપાર માહાત્મ્યની વાતો કરી સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા. રાત્રિસભામાં પણ પૂ. અશ્વિનદાદાએ સાથીદાર સદ્‌ગુરુ સંતોનાં અનુપમ માહાત્મ્યને વર્ણવી સૌને ગુલતાન કર્યાં. સંતોના પ્રાગટ્યપર્વે ભક્તોએ તેમની સાથેનાં અનેક રૂડા સંસ્મરણોને વાગોળી મનોમન અનંત વંદનાઓ ધરી.


અ.નિ. સદ્‌ગુરુ સંત પૂ. ડૉ. સનંદભાઈ


પૂ. ગોવિંદભાઈ


સદ્‌ગુરુ સંત પૂ. પૂનમભાઈ


ડૉ. પૂર્વીબહેન


સદ્‌ગુરુ સંત પૂ. હર્ષદભાઈ


ડૉ. મનોજભાઈ


પૂ. પંકજભાઈ


પ્રાસંગિક પ્રાર્થનાભાવ ધરતા પૂ. હર્ષદભાઈ


સંત પ્રાટ્યોત્સવ મંગલપર્વે સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન